## બાંગ્લાદેશની પદભ્રષ્ટ પીએમ હસીના સામે બીજો કેસ દાખલ

ઢાકા, તા. 14 (પીટીઆઈ): 2015માં વકીલનું અપહરણ કરવાના આરોપમાં બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીના અને તેમના કેબિનેટના ભૂતપૂર્વ પ્રધાનો સહિત અન્ય કેટલાક લોકો વિરુદ્ધ બુધવારે બળજબરીથી ગાયબ કરવાનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

76 વર્ષીય હસીના સામે આ બીજો કેસ છે, જેમાં તેમણે વિવાદાસ્પદ નોકરીની ક્વોટા પ્રણાલી અંગે તેમની અવામી લીગની આગેવાની હેઠળની સરકાર સામે વ્યાપક વિરોધને પગલે 5 ઓગસ્ટના રોજ રાજીનામું આપીને ભારત ભાગી ગયા હતા. ધ ડેઈલી સ્ટાર અખબારે અહેવાલ આપ્યો છે કે, બળજબરીથી ગાયબ કરવાના મામલે પીડિત સુપ્રીમ કોર્ટના વકીલ સોહેલ રાણાએ અરજી દાખલ કરી હતી.

ઢાકા મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ ફરઝાના શકીલા સુમુ ચૌધરીની કોર્ટે આરોપોને કેસ તરીકે સ્વીકારવાનો આદેશ આપ્યો હતો.

આ કેસના અન્ય આરોપીઓમાં હસીનાની કેબિનેટના વરિષ્ઠ મંત્રીઓ, પૂર્વ ગૃહમંત્રી અસદુઝમાન ખાન, પૂર્વ કાયદા મંત્રી અનીસુલ હક, પૂર્વ પોલીસ મહાનિરીક્ષક (આઈજીપી) શાહિદુલ હક, રેપિડ એક્શન બટાલિયન (આરએબી)ના ભૂતપૂર્વ મહાનિર્દેશક બેનઝીર અહેમદ અને આરએબીના અજાણ્યા 25નો સભ્યોનો સમાવેશ થાય છે. અહેવાલમાં રાણાને ટાંકવામાં આવ્યું હતું કે, ''10 ફેબ્રુઆરી 2015ના રોજ મને ઉત્તરાના સેક્ટર 5થી અટકાયતમાં લેવામાં આવ્યો હતો અને બળજબરીથી એક વાહનમાં બેસાડી દેવામાં આવ્યો હતો. જેવો હું કારની અંદર ગયો કે તરત જ મારા કાન અને ગુપ્તાંગને ઈલેક્ટ્રિક શોક આપવાથી હું લગભગ બેભાન થઈ ગયો હતો.''

રાણાએ કહ્યું, ''સમય જતાં મેં વિવિધ પ્રકારની ક્રૂર યાતનાઓ સહન કર્યા પછી આખરે મને ઓગસ્ટમાં ગોદાગરી, રાજશાહીમાં છોડી મૂકવામાં આવ્યો હતો.

## ભૂખ્યા હાથીએ ખોરાકની શોધમાં કાર ઉલટાવી દીધી

આ તે ક્ષણ છે જ્યારે બીબીક્યુની ગંધથી આકર્ષિત ભૂખ્યા હાથીએ કેમ્પસાઇટ રસોઈના નિયમોનો ભંગ કરનાર પરિવારની કારને ઉંધી વાળી દીધી હતી. આ પરિવાર ઉત્તરપૂર્વ થાઇલેન્ડના ખાઓ યાઈ જંગલમાં એક રિસોર્ટની મુલાકાત લઈ રહ્યો હતો ત્યારે તેમણે 11 ઓગસ્ટના રોજ વન્યજીવ રેન્જર્સની સલાહને અવગણીને બારબેક્યુ ભોજન બનાવ્યું હતું. હાથીઓના ટોળાએ ચિકન અને ડુક્કરના માંસને શેકવામાં આવતી ગંધ અનુભવી અને જંગલમાંથી નીકળી આવી ચઢ્યા હતા. ફૂટેજમાં બતાવવામાં આવ્યું છે કે ત્રણ હાથીઓ અને બે મદનિયાઓ ભોજનની શોધમાં કેમ્પસાઇટની આસપાસ ઘૂમી રહ્યા છે, અને પરિવારની કાળા રંગની હોન્ડા પર તેના આગળના પગથી લાત મારીને હુમલો કર્યો હતો. ત્યારબાદ હાથીએ તેની વિશાળ સૂંઢનો ઉપયોગ કરીને સેડાનને તેની બાજુએ ફેરવી અને છેવટે તેને ઉંધી વાળી દીધી. કોઈ ખોરાક ન દેખાતા ટોળું જંગલ તરફ પાછું ફર્યું. કોઈને ઈજા થઈ ન હતી પરંતુ કારને ગંભીર નુકસાન થયું હતું અને તેને સમારકામ માટે ગેરેજમાં લઈ જવી પડી હતી. નાખોન રત્યાસિમા પ્રાંતમાં ખાઓ યાઈ રાષ્ટ્રીય ઉદ્યાનના વડા છૈયા હુઆહોંગથોંગે જણાવ્યું હતું કે વન્યજીવ રેન્જર્સને આ ઘટના અંગે જાણ કરવામાં આવી હતી અને મનુષ્યો સાથે વધુ અથડામણ ટાળવા માટે હાથીઓને જંગલમાં વધુ ઊંડાણમાં લઈ જવામાં આવ્યા હતા. થાઇલેન્ડમાં અંદાજે 3,500 જંગલી હાથીઓ છે અને તાજેતરના વર્ષોમાં મનુષ્યો સાથે અથડામણમાં વધારો થયો છે.

## રિટેલ બાદ જથ્થાબંધ ફુગાવો પણ ઘટ્યો, જુલાઈમાં ફુગાવાનો દર 2.04 ટકા રહ્યો

નવી દિલ્હી, તા. 14: ખાદ્યચીજો, ખાસ કરીને શાકભાજી અને ઉત્પાદિત ઉત્પાદનોના ભાવમાં નરમાઇને કારણે જથ્થાબંધ ફુગાવો પણ ઘટ્યો છે. જુલાઈમાં હોલસેલ ફુગાવો 2.07 ટકા હતો. જૂનમાં તે 3.36 ટકા સુધી પહોંચી ગયો હતો, જે 16 મહિનાનું સર્વોચ્ચ સ્તર હતું. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (ડીપીઆઈઆઈટી)એ તેની એક્સ પોસ્ટમાં જણાવ્યું હતું કે ડબલ્યુપીઆઈ પર આધારિત ફુગાવાનો વાર્ષિક દર જુલાઇ 2024માં 2.04 ટકા હતો, જે જૂન 2024માં 3.36 ટકા હતો.

આ અઠવાડિયાની શરૂઆતમાં જારી કરાયેલા આંકડા દર્શાવે છે કે જુલાઈમાં રિટેલ ફુગાવો ૩.૫૪ ટકા હતો. તે 5 વર્ષના નીચલા સ્તર પર છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા મોનેટરી પોલિસી બનાવતી વખતે રિટેલ ફુગાવાને ધ્યાનમાં લીધો હતો.

## બાંગ્લાદેશમાં એક હિન્દુ પરિવારના ઘરને સળગાવી દેવામાં આવ્યું

### ભોગ બનનાર હિન્દુ પરિવારનો કોઈ રાજકીય સંબંધ નથી

ઢાકા, તા. 14 (પીટીઆઈ): શેખ હસીનાની આગેવાની હેઠળની સરકારના પતન પછી લઘુમતી સમુદાય પર લક્ષિત હુમલાની તાજેતરની ઘટનામાં બુધવારે એક મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, ઉત્તરપશ્ચિમ બાંગ્લાદેશમાં હિંદુ પરિવારના ઘરને આગ ચાંપી દેવામાં આવી હતી. જે પરિવારનો કોઈ રાજકીય સંબંધ નથી.

ઠાકુરગાંવ સદર ઉપજિલ્લા હેઠળના અક્કા યુનિયનના ફરાબારી મંદિરપારા ગામમાં આ ઘટના મંગળવારે સાંજે બની હતી, જ્યારે વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર યુનુસ મુહમ્મદે પીડિત લઘુમતી સમુદાયને ખાતરી આપી હતી કે તેમની સરકાર ગુનેગારોને સજા કરશે.

લક્ષિત આગ લગાડવાની ઘટના પણ તે જ દિવસે આવી જ્યારે બાંગ્લાદેશ નેશનલ હિંદુ ગ્રાન્ડ એલાયન્સે દાવો કર્યો હતો કે 5 ઓગસ્ટે શેખ હસીનાની આગેવાની હેઠળની સરકારના પતન પછીથી લઘુમતી સમુદાયને 48 જિલ્લાઓમાં 278 સ્થળોએ હુમલાઓ અને ધમકીઓનો સામનો કરવો પડ્યો હતો અને તેને હિંદુ ધર્મ પર હુમલો ગણાવ્યું હતું.

અક્કા યુનિયન પરિષદ (યુપી)ના અધ્યક્ષ સુબ્રત કુમાર બર્મને ધ ડેઈલી સ્ટાર અખબારને જણાવ્યું હતું કે, ઠાકુરગાંવ સદર ઉપજિલ્લા હેઠળના અક્કા યુનિયનના ફરાબારી મંદિરપારા ગામમાં મંગળવારે સાંજે 7:30 વાગ્યાની આસપાસ અજાણ્યા વ્યક્તિઓએ કલેશ્વર બર્મનના ઘરમાં આગ લગાવી દીધી હતી.

સુબ્રત કુમાર બર્મને કહ્યું હતું કે, સ્થાનિક લોકોએ ઝડપથી કાર્યવાહી કરીને આગ પર કાબૂ મેળવ્યો હતો અને ઘરના રહેવાસીઓને તરત જ બહાર કાઢી બચાવી લેવાયા હતા.

યુપી અધ્યક્ષે કહ્યું કે, કલેશ્વર બર્મનનો કોઈ રાજકીય સંબંધ નથી.

ઠાકુરગાંવ પોલીસ સ્ટેશનના ઓફિસર-ઈન-ચાર્જ એબીએમ ફિરોઝ વાહીદે જણાવ્યું હતું કે, ''પોલીસે તે જ રાત્રે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને ગુનેગારોને ઓળખવા માટે તપાસ ચાલુ છે.'' ડેઈલી સ્ટારના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આ જ યુનિયનના નિંબરી કમરપારા ગામમાં થોડા દિવસો પહેલા આવી જ ઘટના બની હતી જ્યારે અનંત બર્મનનું ઘર સળગાવી દેવામાં આવ્યું હતું, જેમાં તમામ કીમતી વસ્તુઓ બળીને રાખ થઈ ગઈ હતી.

## હાઇડ્રોલિક નિષ્ફળતાને કારણે વિસ્તારાની ફ્લાઇટનું મુંબઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ

મુંબઈ, તા. 14 (પીટીઆઈ): સૂત્રોના જણાવ્યા અનુસાર, દિલ્હીથી 167 લોકોને લઈને મુંબઈ આવી રહેલી વિસ્તારા ફ્લાઇટનું બુધવારે અહીં હાઇડ્રોલિક નિષ્ફળતાને કારણે ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે, ફ્લાઇટ લગભગ 12:30 વાગ્યે મુંબઈ એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઊતરી હતી. જોકે, વિસ્તારાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સાવચેતીના પગલા તરીકે દિલ્હી-મુંબઈ ફ્લાઇટે બુધવારે નાની સમસ્યાને કારણે પ્રાયોરિટી લેન્ડિંગ કર્યું હતું. એરલાઇને એમ પણ કહ્યું હતું કે, એરક્રાફ્ટ સુરક્ષિત રીતે લેન્ડ થયું હતું અને કામગીરી ફરી શરૂ કરતાં પહેલાં તેનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, વિસ્તારા ફ્લાઇટ યુકે 995, જે દિલ્હી-મુંબઈ ફ્લાઇટનું સંચાલન કરી રહી હતી અને તેમાં 167 લોકો સવાર હતા, તેમાં હાઇડ્રોલિક નિષ્ફળતા આવી હતી, જેના કારણે તેને મુંબઈ એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. નિવેદનમાં એરલાઇને કહ્યું કે, લેન્ડિંગના થોડા સમય પહેલા એરક્રાફ્ટમાં એક નાની તકનિકી ખામી મળી આવી હતી. સાવચેતીના પગલા તરીકે, પાઇલટોએ એર ટ્રાફિક કંટ્રોલરને પ્રાયોરિટી લેન્ડિંગ માટે વિનંતી કરી અને મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતરાણ કર્યું હતું.